ANUBHAVS



# અવિસ્મરણીય અનુભવ

© Copyright 2010, Manasamarthyadata.com

manasamarthyadata.com



*- હેમચંદ્ર શ્રૃંગારપુરે*

પરમ પૂજ્ય શ્રી અનિરુધ્ધ બાપુજીના સત્સંગમાં આવ્યા બાદ જીવનમાં ઘણી વાર નજીકથી અનુભવ કર્યા છે કે સદ્દગુરુ માઉલી પોતાના બાળકના રક્ષણ માટે વિલંબ કર્યા વગર અતિશય તત્પરતાપૂર્વક કેવી રીતે દોડીને આવે છે. આ રીતે મને થયેલા અનુભવો હું આપની સમક્ષ રજુ કરુ છું.

1 જાન્યુઆરી 2004 થી 31 જાન્યુઆરી 2004 સુધી હું અંધેરીમાં (પૂર્વ) સોલિડેર કંપની પ્રા.લિ. માં સિક્યુરિટી ગાર્ડના હોદા પર કામ કરતો હતો. 4 જાન્યુઆરી 2004ના રોજ એ સ્થળે રાત્રે પહેરો લગાવતા સમયે હું એ ઇમારતની લિફ્ટ માટે ખોદેલા 7 ફુટ ઊંડા ખાડામાં પડી ગયો. મારી ઉંચાઇ 6 ફુટ હોવાને કારણે હું એ ખાડામાંથી બહાર નીકળી શક્તો નહોતો. પરમ પૂજ્ય બાપુજીનું મનોમન નામસ્મરણ કરતો હતો ત્યાં મને તરસ્યા કાગડાની વાર્તા યાદ આવી ગઇ. અંધારામાં શોધતા શોધતા લગભગ 4 ફુટ બાય 2 ફુટની એક લાકડી મારા હાથમાં આવી અને તેની મદદથી હું એ ખાડાની બહાર આવી ગયો. રાત્રીના સુમસામ સમયે જ્યારે અન્ય કોઇનું મદદે આવવું અશક્ય હતું, તે સમયે આશરો આપનારા સદ્દગુરુ માઉલી જ હતા.

જુલાઇ 2004માં એક શનિવારની ઉપાસના કર્યા બાદ હું , મારી પત્ની સૌ. મિલન અને મારો દીકરો ચિ. નિમિષ ઘરે જવા માટે નીકળ્યા. પીંકી સિનેમાગૃહ પાસે બસ સ્ટેન્ડ પર અમે બસ ક્રમાંક 185ની રાહ જોતા હતા મારા એક હાથમાં બેગ અને બીજા હાથમાં છત્રી હતી. બસ આવતા જ મારી પત્ની અને મારો દીકરો બસમાં ચઢી ગયા પરંતુ જ્યારે હું ચઢવા ગયો ત્યારે કંડક્ટરે ડબલ બેલ વગાડી દીધો હોવાને કારણે બસ આગળ ચાલવા લાગી અને હું ડગમગીને નીચે રસ્તા પર પડી ગયો. ચાર ડગલા આગળ જઇને બસ ઉભી રહી ગઇ. એ સમયે બસનાં પાછલાં પૈડા અને મારી વચ્ચે માત્ર એક જ ફુટનું અંતર બાકી હતું. પરમ પૂજ્ય બાપુજીની કૃપાથી જ મારુ મૃત્યુ ટળી ગયુ હતુ, આ વાત પરમ સત્ય છે.

31 ઓક્ટોંબર 2006, મંગળવારના રોજ હું હંમેશાની જેમ સુતેલો હતો. મારી પથારી પાસેના ટેબલ પર પરમ પૂજ્ય બાપુજી, નંદાઇ અને સુચિતદાદા ફોટા સ્વરુપે બિરાજમાન હતા. રાત્રે લગભગ દોઢ વાગ્યાની આસપાસ મને એક બગાસુ આવ્યુ અને એ પછી મારુ મોઢુ ખુલ્લુ જ

રહી ગયું. કોઇ પણ રીતે એ બંધ થતુ નહોતુ. દુઃખાવાને  કારણે મોઢામાંથી અવાજ પણ નીકળતો નહોતો. રાત્રે પોણા બે વાગ્યે મારી પત્ની આપોઆપ જ જાગી  ગઈ અને એણે તરત જ મારી દીકરીને પણ ઉઠાડી  દીધી. એ બંને  આશ્ચર્યચકિત થઇને   ગભરાઇ  ગયા અને  મને પૂછ્યું કે મને શું થાય છે? મેં ઈશારાથી કહ્યું કે મારુ મોંઢુ ખુલ્લુ જ રહી ગયુ છે. મારી પત્નીએ  મારુ  માથુ  એના ખોળામાં લઇને મને ઉંદી  લગાવી  અને પરમ પૂજ્ય બાપુજીના મંત્રજાપ, રામરક્ષા સ્તોત્ર, હનુમાન ચાલીસા અને ઘોરકષ્ટોધરણ સ્તોત્રના જાપ કર્યા અને પરમ પૂજ્ય બાપુજીને વિનંતી કરીને મોટા અવાજે બુમ પાડીને કહેવા લાગી કે હવે આપ જ એમને બચાવી શકો છો. 15 જ મિનિટમાં મને સારી ઉંઘ આવી ગઇ અને મોંઢુ પણ આપોઆપ જ બંધ થઇ ગયું.  આવી રીતે રાત્રીના સમયે દવાખાનાની ભાગદોડમાંથી  બચાવીને મારા  પરમ પૂજ્ય બાપુજીએ  ઘરમાં ને ઘરમાં જ મારુ  સંકટ દુર  કર્યુ.

મે - 2006 નો આ અનુભવ સાબિત કરે છે કે સદ્દગુરુ  માત્ર એમના ભક્તનું જ નહી  પરંતુ એમના પરિવારનું પણ કઇ રીતે રક્ષણ કરે છે.  મે-2006 શનિવારના દિવસે અમે બધા ઉપાસનામાં જવા માટે  નીકળ્યા. તમે બંને આગળ ચાલો, હું ઘરને તાળુ  મારીને આવુ છું... આ પ્રમાણે  મારા દીકરા નિમિષે કહ્યું.  હું અને મારી પત્ની બસ સ્ટેન્ડ પર પહોચી ગયા. નિમિષ પણ દોડીને આવી ગયો. બસ મળી ગઇ. અમે ઉપાસના સ્થળે પહોંચી  ગયા. ઉપાસના કરીને ઘરે પાછા ફર્યા તો જોયું તો દરવાજે તાળુ જ નહોતુ. ક્ષણવારમાં તો જાણે કેટલાંય વિચારોથી  મન ઘેરાઇ ગયું. પરમ પૂજ્ય બાપુજીનું નામસ્મરણ કરતા કરતા ઘરમાં પ્રવેશ કર્યો. બધી  જ વસ્તુ પહેલાની જેમ વ્યવસ્થિત હતી.  સાંજે 5.00 થી રાત્રે 10.00 વાગ્યા સુધી  દરવાજા ખુલ્લા જ રહ્યાં હતાં. સદ્દગુરુ જ ઘરમાં રહેતા  હોય તો કોની હિંમત છે કે ઘરમાં પગ મૂકે.

શ્રદ્ધાવાન ભક્તોનું બધી બાજુએથી રક્ષણ કરનાર,  અકારણ કારુણ્યના મહાસાગર, મારા શ્રી અનિરુધ્ધ બાપુજીના ચરણોમાં મારા શતશઃ પ્રણામ !!!

ANUBHAVS

# HARI OM

© Copyright 2010, Manasamarthyadata.com

manasamarthyadata.com